નર્મદા જિલ્લાના સાગબારાના સેલંબા ગામે દીપક કોળી ઉપર જીવલેણ હુમલા કેસમાં

નર્મદા SPને માનવ અધિકાર આયોગનું તેડું

આવાસ કૌભાંડ ઉજાગર કરનારા પર 20થી વધુ લોકોએ હુમલો કર્યો હતો, પોલીસની નિષ્ક્રિયતા સામે ઘેરાતી શંકા

પોલીસ દ્વારા FIRમાં ગંભીર કલમો ઉમેરવામાં નહીં આવી હોવાના પણ આક્ષેપ

કેસની નિષ્પક્ષ તપાસ કરાવવા પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલાની માંગ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ આ ઘટનાને ગંભીર ગણાવી હતી. તેમણે માંગણી કરી છે કે FIRમાં એટેમ્પ ટુ મર્ડરની BNS-109 તથા અન્ય ગંભીર ગુનાની કલમો પણ ઉમેરવામાં આવે. તમામ આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવે. આ ઉપરાંત, ઘટનામાં બેદરકારી દાખવનારા પોલીસ અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવે. પીડિત દીપક કોળી તથા તેમના પરિવારને પૂરતું રક્ષણ અને યોગ્ય તબીબી સારવાર આપવામાં આવે. તેમજ કેસની તપાસ નિષ્પક્ષ રહે તે માટે તેની જવાબદારી એક વિશેષ તપાસ ટીમને સોંપવામાં આવે.

સાગબારા, ભરૂચ: નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામના રહીશ દીપક કોળી પર થયેલા જીવલેણ હુમલા અંગે પોલીસ તંત્ર દ્વારા દાખવવામાં આવેલી બેદરકારીને લઈને ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગે મહત્વપૂર્ણ પગલા ભર્યા છે. દીપક કોળીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ થયેલા ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો હતો.

તેના જ પરિણામે તેમના પર ગામના કેટલાક ભાજપ સમર્થક હોદ્દેદારો તથા તેમના અનુયાયીઓએ અદાવત રાખીને 20થી વધુ લોકો દ્વારા હુમલો કરાયો હતો.

જે તે સમયે આ ઘટનાનો વિડીયો વાયરલ થતાં મામલો રાજ્ય સ્તરે ચર્ચાનો વિષય બન્યો હતો. આયોગે પીડિત દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ગંભીરતાથી લઈને નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષકને સમન્સ પાઠવી હાજર રહી જવાબ આપવા આદેશ કર્યો હતો.

આયોગે સ્પષ્ટ નોંધ્યું હતું કે, આ હુમલામાં BNS કલમ 109 (એટેમ્પ ટુ મર્ડર) તથા અન્ય ગંભીર કલમો લાગુ કરવાની થતી હોવા છતાં પોલીસ તંત્રએ તે કલમો ઉમેરી નથી. વધુમાં, હુમલા પહેલા જ પીડિત દ્વારા કંટ્રોલ રૂમમાં જાણ કરાઈ હોવા છતાં પોલીસે કોઈ અગમચેતીના પગલા લીધા ન હતા અને ઘટના સમયે પણ હાજર રહીને પણ મૂકપ્રેક્ષકની ભૂમિકા ભજવી હતી. હુમલાની આ સમગ્ર ઘટના પોલીસ તંત્રની બેદરકારીને ઉજાગર કરતી હોવાની તથા આ પ્રકરણ રાજકીય પ્રેરણાથી પ્રેરિત હોવાની પણ ચર્ચા છે.

દીપક કોળી સામેનો હુમલો માત્ર વ્યક્તિગત નથી, પરંતુ આવાસ યોજનામાં થયેલા ભ્રષ્ટાચારને દબાવવાનો પ્રયાસ ગણવામાં આવી રહ્યો છે. ત્યારે આ મુદ્દે કાર્યવાહી થવી જરૂરી છે.

બારડોલીના પૂનમ માસી હવે 'મહામંડલેશ્વર ૧૦૦૮ પુણ્યનંદગીરી'

બારડોલી: બારડોલી અને સુરત જિલ્લામાં કિન્નર સમાજનું વર્ષોથી પ્રતિનિધિત્વ કરતાં અને પૂનમ માસી તરીકે જાણીતા પૂનમ બાએ સનાતન ધર્મ ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. બારડોલી ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં તેમનો પટ્ટાભિષેક કરીને તેમને આંતરરાષ્ટ્રીય કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હવે તેઓ શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પુણ્યનંદગીરીના નામથી ઓળખાશે. આ ઐતિહાસિક પટ્ટાભિષેક કાર્યક્રમમાં દેશભરમાંથી અનેક સંતો, મહંતો અને મહામંડલેશ્વરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કિન્નર અખાડાના વિખ્યાત અને બહુપ્રચલિત ગીરનારી માતાજી (સ્વીટુમાં), શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર આચાર્ય ડો.લક્ષ્મી નારાયણ ત્રિપાઠી (ઈન્ટરનેશનલ કિન્નર અખાડા), અખિલ ભારતીય અખાડા પરિષદના મહામંત્રી મહન્ત હરિગિરીજી મહારાજ, અને મેવાડથી આવેલ શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ઈશ્વરી નંદ ગિરી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ઓલપાડના અટોદરામાંથી રૂ.૧.૨૦ લાખની સેન્ટિંગ પ્લેટ ચોરનારો ઝડપાયો

સાયણ: સુરત શહેરમાં રહી બાંધકામમાં વપરાતી સેન્ટિંગ પ્લેટનો ધંધો કરતા રસિક તુલસી સાકરીયાની રૂ.૧.૨૦ લાખની કિંમતની સેન્ટિંગ પ્લેટો અટોદરા ગામની સીમની ધારા ઇન્ડસ્ટ્રીઝ માંથી અજાણ્યા ચોરો ઉઠાવી ગયો હતા. જેની ફરિયાદ થતાં ઓલપાડ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન ચોરીની પ્લેટો આઈસર ટેમ્પો નંબર જીજે-૧૬, એ.વી-૦૫૧૦ માં ભરી ચોરો ચોરી ગયા ગયા હોવાનું બહાર આવ્યું હતું. દરમિયાન એ.એસ.આઈ. અજય મનુને બાતમી મળી હતી કે આ આઇસર ટેમ્પો ઓલપાડ-સાયણ રોડ ઉપર અટોદરા ગામની સીમમાં આવેલ નાયરા પેટ્રોલપંપની સામે છે. જેથી પોલીસે ત્યાં પહોંચી મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ મકાન નંબર ૨૬, સ્ટાર સિટી સોસાયટી, કાપોદરા ગામ,તા.અંકલેશ્વર, જિ.ભરૂમાં રહેતા મોહંમદ રાશીદ મોહંમદ રહીશ સિદ્દિકી(ઉ.વ.૩૫)ને દબોચી લીધો હતો. તેની પાસેથી રૂ.૧.૨૦ લાખની કિંમતની સેન્ટિંગ પ્લેટો તથા રૂ.પાંચ લાખની કિંમતનો ટેમ્પો મળી કુલ રૂ. ૬.૨૦નો સામાન કબજે લેવામાં આવ્યો હતો.

નિયમિત તલાટીની માંગણી સાથે પડવાણિયામાં ગ્રામસભાનો બહિષ્કાર

ભરૂચ: ઝઘડિયાના પડવાણિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં લગભગ સાડા ત્રણ વર્ષનાં સમયગાળામાં ત્રણ જેટલા તલાટીઓની અવારનવાર બદલી થતા ગ્રામજનો ખફા થયા છે, આ બાબતે ગામના સરપંચે મુખ્યમંત્રીને સંબોધીને TDOને લેખિત રજૂઆત પણ કરી છે. આ બાબતે પંચાયતનાં હોદ્દેદારો સહિત ગ્રામજનોએ નોડલ અધિકારીને જણાવ્યું છે કે નિયમિત તલાટી નહિ નીમાય ત્યાં સુધી ગ્રામસભાનો બહિષ્કાર કરીને ભવિષ્યમાં ગ્રામસભા નહિ યોજવાના સંકેત આપ્યા છે. પડવાણિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ડમલાઈ, પડવાણિયા, પીપળીપાન, દરીયા, ગુલા ફળીયાના તમામ ગ્રામસભાના મતદાર સભ્યોએ જણાવ્યું હતું કે અમારી ગ્રુપ ગ્રામ પંચાયત પડવાણિયા પંચાયત ઓફિસ લગભગ સાડા ત્રણ વર્ષમાં ત્રણ તલાટીઓની બદલીઓ થતા બીજાને ચાર્જ સોંપવામાં આવતો હોય છે. છ મહિનાથી પડવાણિયા ગ્રામ પંચાયતમાં જે તલાટીને મુકવામાં આવ્યા છે, એ તલાટીને ત્રણ પંચાયતના ચાર્જ હોવાથી અઠવાડિયામાં માંડ એકાદ દિવસ પડવાણિયા ગ્રામ પંચાયત ઓફીસ ખુલે છે. તેમાં પણ એ દિવસે તાલુકા પંચાયતની મીટિંગ હોય તો પખવાડિયે પંચાયત ઓફિસનો દરવાજો ખુલે છે. જેને કારણે સ્થાનિક ગ્રામજનો અને ગરીબ નાગરિકોને પંચાયત ઓફીસના ધરમ ધક્કા ખાવા પડે છે.

અંકલેશ્વરમાં આરએસએસનો કાર્યક્રમ

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં દશેરાને દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત પથ સંચલન તેમજ સભાનું આયોજન હાથ ધરાયું હતું. અંકલેશ્વર જીઆઈડીસીના કમલમ ગાર્ડન ખાતે ગત સાંજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દશેરા નિમિતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સંઘના સ્વયંસેવકોએ યુનિફોર્મમાં સજ્જ થઇ પથ સંચલન યોજ્યું હતું. જે નોટિફાઇડ વિસ્તારમાં વિવિધ વિસ્તારોમાંથી પસાર થઇ હતી. પથ સંચલન બાદ કમલમ ગાર્ડન ખાતે ખાસ સભા યોજાઈ હતી, જેમાં સ્વદેશી જાગરણ તેમજ રાષ્ટ્ર ભાવના બળવતર બનાવવા અપીલ કરવામાં આવી હતી.

માંડવીમાંથી અરેઠનું વિભાજન થયું, પણ ગામોના પ્રશ્ને વિવાદ

અસરગ્રસ્ત ગામોના લોકો ન્યાય માટે મક્કમ, પ્રાંત કચેરી ખાતે ધરણા સાથે વિરોધ

રવિવારે રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી

માંડવી: માંડવીનાં આઠ ગામ અરેઠ તાલુકામાં સમાવાતાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ પ્રાંત કચેરી ખાતે એકત્ર થઈ પ્રતીક ધરણાં કર્યાં હતાં. અને તા.5 ઓક્ટોબર ને રવિવારે નેશનલ નં.56 પર ફેદરિયા ચોકડી રસ્તા રોકો આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવી તાલુકામાંથી વિભાજન થયેલાં અરેઠ તાલુકામાં આઠ ગામ કાલીબેલ, કિમ ડુંગરા, લાડકૂવા, રેગામા, સાલૈયા ભાઠી ફળિયા, સાલૈયા મુખ્ય, દાદાકુઈ, ગોડધાનો સમાવાતાં ગ્રામજનોએ પ્રાંત કચેરી ખાતે એકત્ર થઈ પ્રતીક ધરણા પર ઊતરી આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમજ ચૂંટણીનો બહિષ્કાર કરી જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. સાથે સાથે હાઈકોર્ટ સુધી લડી લેવાના મૂડમાં તૈયારી બતાવી હતી.

તા.5 ઓક્ટોબર ને રવિવારે ફેદરીયા ચોકડી નેશનલ હાઇવે નં-56 પર રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી આપી હતી. નવરચિત અરેઠ તાલુકા સામે અમને વાંધો નથી.

પરંતુ આઠ ગામ માંડવી તાલુકા નજીક આવેલાં છે. તેનો ત્યાં જ સમાવેશ કરવાની માંગ કરી હતી. બાદ રાજકીય આગેવાનો સાથે પણ પરામર્શ કરી યોગ્ય ન્યાય માટે આઠ ગામના લોકો પૂર્વ તૈયારી કરી રહ્યા છે.

અમલસાડીની ગ્રામસભામાં માથાકૂટ

માંડવી: માંડવીના અમલસાડી ગામે ગ્રામસભામાં નોડલ અધિકારી ગેરહાજર રહેવા બાબતે બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી સાથે મારામારી થઈ હતી. આ બનાવમાં પોલીસના કાફલાએ ઘટના સ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. પોલીસે એટ્રોસિટી તથા મારામારી સહિતના ગુના નોંધ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ માંડવીના અમલસાડી ગામે ગ્રામસભા સરપંચ હિતેશ ચૌધરીની અધ્યક્ષતામાં મળી હતી. પરંતુ ગ્રામસભામાં નોડલ અધિકારી ગેરહાજર રહેતાં આમ આદમી પાર્ટીના વિજય પટેલ વાંધો ઉઠાવ્યો હતો અને નોડલ અધિકારીની હાજરીમાં વગર ગ્રામસભા નહીં થવા દઉં એવું કહેતાં સરપંચ હિતેશ ચૌધરી, પત્ની શકુંતલાબેન ચૌધરી અને પિતા દલસીંગભાઈ ચૌધરી તેમને સમજાવા ગયાં હતાં. ત્યારે વિજય પટેલ ઉશ્કેરાઈ સરપંચના પિતા દલસીંગભાઈ ચૌધરીને લાત મારતાં હોસ્પિટલ ખસેડાયા હતા. ઉપરાંત જાતિવિષયક અપશબ્દો બોલતાં એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ હતી.

તસ્કરોને મોજ: ભરૂચમાં બે મકાનનાં તાળાં તૂટ્યાં

પરિવાર ઊંઘતો રહ્યો ને તસ્કરો પાછળના ભાગે ઘરમાં પ્રવેશી દાગીના, રોકડ ચોરી ફરાર

સુરત કોલોનીમાં પણ એક ઘરમાં ચોરીનો પ્રયાસ

ભરૂચ: ભરૂચ તાલુકાના મનુબર ગામે આસેમા ટાઉનશીપમાં તસ્કરોએ એક મકાનમાંથી રૂ.5.82 લાખની માલમત્તાની ચોરી કરીને પોલીસને દોડતી કરી દીધી હતી. આ સાથે અન્ય એક મકાનમાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો, જેના પગલે લોકોમાં ભય સાથે રોષ જોવા મળી રહ્યો છે.

આસેમા ટાઉનશીપમાં રહેતા સમીમ ઈનાયત દિવાનના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. 29મીએ રાત્રે પરિવારજનો સાથે રાત્રિ ભોજન કર્યા બાદ સમીમબેન, તેમના પતિ અને પુત્રી રેશ્મા ટીવી જોઈને સૂઈ ગયાં હતાં, જ્યારે પુત્ર અને પુત્રવધૂ તેમના જૂના ઘરે ચાલ્યા ગયાં હતાં. સવારે પોણા છ વાગ્યે સમીમબેન જાગ્યા અને તેમના રૂમમાંથી પાછળના બાથરૂમ તરફ જતો દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો, પરંતુ દરવાજો ખુલ્યો નહીં. પતિને જગાડતાં તેમણે પણ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. તે સમયે માલુમ પડ્યું કે અંદરની બાજુથી દરવાજાને કપડાથી બાંધીને બંધ કરી દેવામાં આવ્યો હતો.

પરિવારજનોએ આગળનો દરવાજો ખોલીને પાછળના ભાગે જઈને જોયું તો પાછળની બારી અને ગ્રીલ તોડીને તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હોવાની શંકા થઈ હતી. તપાસ કરતાં ખબર પડી કે તસ્કરો સોના-ચાંદીના કુલ 5.72 લાખના દાગીના અને 10 હજાર રૂપિયા રોકડા મળીને કુલ 5,82,000 રૂપિયાની માલમત્તાની ચોરી કરીને રફૂચક્કર થઈ ગયા હતા. ગામમાં જ સુરત કોલોનીમાં રહેતા સાયરાબેન અબ્દુલરહીમ સૈયદના ઘરે પણ ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવને પગલે સમીમ ઈનાયત દિવાને ભરૂચ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

અંદાડા ગામે ખેતરમાં જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંદાડા ગામમાં ખેતરમાં ખુલ્લી જગ્યામાં પત્તાપાનાનો જુગાર રમતા ચાર જુગારીને પોલીસે ઝડપી પાડ્યા હતા.અંકલેશ્વર શહેર બી ડીવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા અંદાડા ગામે નવી વસાહત નજીક ખેતરની બાવળીમાં જાહેરમાં ગેરકાયદે પત્તા-પાનાનો જુગાર રમતા ચાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. આરોપીઓ અશોક ઝીણા વસાવા, ફતેસિંહ રાયસિંહ વસાવા, રમણ બાલુ વસાવા અને સુભાષ બાલુ વસાવાની અટકાયત કરી પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂ.5,930નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

માધુમતી ખાડીમાંથી વૃદ્ધનો મૃતદેહ મળ્યો

ઝઘડિયા: ઝઘડિયા તાલુકામાં રાજપારડી નજીક આવેલા જરસાડ ગામ પાસે માધુમતી ખાડીમાંથી એક વૃદ્ધનો ડી-કમ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. કાંટોલ ગામના 65 વર્ષીય જયંતીભાઈ ત્રિકમભાઈ વસાવા તા.28મીના રોજ ડુંગર વિસ્તારમાં પશુઓ ચરાવવા ગયા હતા. બાદ તેઓ ઘરે પાછા ન ફરતાં ઉમલ્લા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તા.3 ઓક્ટોબરે ડી-કમ્પોઝ હાલતમાં લાશ મળી હતી.

દહેજમાં સમાજને ખોખલો કરી રહેલા ડ્રગ્સના દાનવનું દહન

રૂ.381 કરોડથી વધુના નાર્કોટિક્સનો નાશ

ભરૂચ: દહેજમાં સમાજને ખોખલો કરી રહેલા ડ્રગ્સના દાનવનું દહન કરાયું હતું જેમાં રૂ.381 કરોડથી વધુના નાર્કોટિક્સનો નાશ કરાયો હતો. અગાઉ 17 જિલ્લામાં 442 કેસ કરી જથ્થો જપ્ત કરાયો હતો.

ગુજરાત સરકારે ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત બનાવતાં શુક્રવારે દહેજ ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં દહેજની બેઈલ કંપની ખાતે રૂ.381 કરોડથી વધુના જથ્થાના નાર્કોટિક્સનો કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો. આ જથ્થો ગુજરાતના 17 જિલ્લામાં નોંધાયેલા 442 ગુનામાં પોલીસે જપ્ત કર્યો હતો.

સમાજને ખોખલો કરી રહેલા આ ડ્રગ્સ દાનવનું દહેજ ખાતે દહન કરી રાજ્ય સરકારની ઝીરો ટોલરન્સ નીતિ અંગે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે ડ્રગ્સની હેરાફેરી અને તેના દૂષણ સામે જરા પણ નરમાઈ દાખવવાની નથી. ડ્રગ્સના નેટવર્કને નષ્ટ કરવા સાથે સરકાર યુવાનોને નશાના ચક્રવ્યૂહમાંથી બચાવવા માટે પણ ખાસ અભિયાન ચલાવી રહી છે. આ માટે 'મેન્ટર પ્રોજેક્ટ' અને 'માનસ હેલ્પલાઈન' જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ધંતુરીયાની ગ્રામસભામાં ધાંધલ બદલ બેની ધરપકડ

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના ધંતુરીયા ગામે ગાંધી જયંતિ નિમિત્તે રાજ્ય સરકારના પરિપત્ર અને તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી ગ્રામસભા તોફાની બનતા ખુરશીઓ ઉછળવા સાથે મારામારી થતા ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી. રૂરલ પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી બે ઈસમની અટકાયત કરી છે.

અંકલેશ્વર તાલુકાના ધંતુરીયા ગામે 2જી ઓક્ટોબરે નિમિત્તે તલાટી કમ મંત્રી અને ગામના સરપંચની અધ્યક્ષતામાં ગ્રામ સભા યોજાઈ હતી. ગાંધી જયંતી નિમિત્તેની વિશેષ ગ્રામસભા શરુ થતા જ સમરાંગણમાં ફેરવાઈ ગઈ હતી. ગામસભામાં તલાટી કમ મંત્રીએ બોલવાની શરૂઆત કરતા જ બંને પક્ષ વચ્ચે બબાલ શરૂ થઈ હતી.

ગ્રામસભા બોલાચાલી બાદ ઉગ્ર બનતા અચાનક ખુરશીઓ ઉછળી હતી અને ત્યારબાદ મારામારી શરુ થતા કેટલાકના માથા ફૂટ્યા હતા. જેમાં ૩ વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે રૂરલ પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી બે ઈસમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વરેઠ ગામે થાંભલા પરથી પટકાતાં એકનું મોત

માંડવી: ડીજીવીસીએલના વાયરમેન નીતિનભાઈ રમણભાઈ પટેલ (ઉં.વ.40) (રહે.,પોસરી, તા.ગણદેવી, જિ.નવસારી) નોકરી કરતા હતા. જેઓ બપોરે વરેઠના રામેશ્વર પાર્ક સોસાયટીમાં થાંભલા ઉપર વાયર રિપેર કરવા ચઢ્યા હતા અને એકાએક પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. આ ઘટનાની જાણ વીજ કર્મચારી હરીશ ચાંપાનેરીએ માંડવી પોલીસને કરી હતી.

બારડોલીમાં દશેરા નિમિત્તે પાંચ કુંડી મહાયજ્ઞ યોજાયો

બારડોલી: બારડોલીના જે.પી.નગર આવેલ ગાયત્રી પ્રજ્ઞા મંદિર ખાતે આસો નવરાત્રિ દરમિયાન દરરોજ બપોરે ત્રણથી પાંચ કલાક દરમિયાન સામૂહિક 108 ગાયત્રી ચાલીસાના પાઠ ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા કરવામાં આવ્યા હતા. નવરાત્રિના નવ દિવસોમાં આશરે 30થી 50 ભાઈઓ બહેનો દ્વારા ગાયત્રી મંત્ર જાપ (24000), ગાયત્રી મંત્ર લેખન(2400), ગાયત્રી ચાલીસા (108)નું અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ તમામની સામૂહિક પૂર્ણાહુતિ નિમિત્તે પાંચકુડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન વિજયા દશમી-દશેરાના દિવસે કરવામાં આવ્યું હતું. ગાયત્રી પ્રજ્ઞા મંદિરના માધ્યમ દ્વારા આ પાવન દિવસે બૌદ્ધિક ક્રાંતિ, પર્યાવરણના શુદ્ધીકરણ માટે, સામાજિક ક્રાંતિ વ્યસનમુક્ત સમાજના પરીશોધનના લક્ષ માટે 5 કુંડી ગાયત્રી મહાયજ્ઞ આયોજન કરવામાં આવ્યું હતું.

જાહેર નોટીશ - સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલીની કોર્ટમાં, મુ.બારડોલી
નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં.૨૭૪/૨૦૨૫
તા.૨૬/૦૯/૨૦૨૫

વાદી :- સાબીર અબ્દુલભાઈ સૈયદ, રહે. કબીર નગર બારડોલી, તા.બારડોલી, જિ. સુરત
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી/નગરપાલિકા બારડોલી, જિ.સુરત

વિષય:- જન્મ/મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી સાબીર અબ્દુલભાઈ સૈયદ, રહે. કબીર નગર બારડોલી, તા.બારડોલી, જિ. સુરતના પોતે સાબીર અબ્દુલભાઈ સૈયદના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: સાબીર અબ્દુલભાઈ સૈયદ ૨. તેમના જન્મની તારીખ: ૦૧/૦૭/૧૯૮૦ ૩. જન્મનું સ્થળ: બારડોલી, તા.બારડોલી જિ.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે સાબીર અબ્દુલભાઈ સૈયદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫ માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૧૦/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
હુકમથી
(કોર્ટનો સિક્કો) સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી.સુરત

જાહેર નોટીશ - સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલીની કોર્ટમાં, મુ.બારડોલી
નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં.૨૭૩/૨૦૨૫
તા.૨૬/૦૯/૨૦૨૫

વાદી :- ફારૂકભાઈ અબ્દુલભાઈ સૈયદ, રહે. ૮૦. કબીર નગર આશીયાના નગર, બારડોલી, તા.બારડોલી, જિ. સુરત
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી/નગરપાલિકા બારડોલી, જિ.સુરત

વિષય:- જન્મ/મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ફારૂકભાઈ અબ્દુલભાઈ સૈયદ, રહે. ૮૦. કબીર નગર આશીયાના નગર, બારડોલી, તા.બારડોલી, જિ. સુરતના પોતે ફારૂકભાઈ અબ્દુલભાઈ સૈયદના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફારૂકભાઈ અબ્દુલભાઈ સૈયદ ૨. તેમના જન્મની તારીખ: ૦૧/૦૬/૧૯૮૧ ૩. જન્મનું સ્થળ: બારડોલી, તા.બારડોલી જિ.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ફારૂકભાઈ અબ્દુલભાઈ સૈયદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫ માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૧૦/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
હુકમથી
(કોર્ટનો સિક્કો) સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી.સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ થકી જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ : માંગરોલના મોજે ગામ : લીંડીયાદ ના બ્લોક નં : ૫૫/અ (રે.સર્વે નં. ૯૦) તથા બ્લોક નં. : ૫૫/બ (રે.સર્વે નં.૯૦), તથા બ્લોક નં. ૫૬ (રે.સર્વે નં.૯૧) થી નોંધાયેલ બિનખેતીની જમીન એકત્રીકરણ કર્યા બાદ નવો બ્લોક નં.:૫૫/બ,જેનો કેજીપી થયા બાદનો બ્લોક નં.૫૫/બ/જ ડી ટાઈપ,(પ્રમોલગેશન થયા બાદ નવો બ્લોક નં.-૩૮૨)આપવામાં આવેલ,તે બિનખેતીની જમીનમાં ઔધોગિક હેતુ માટે પ્લોટો પાડવામાં આવેલ,જેને ''વાલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ'' નામ આપવામાં આવેલ,તેમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૭૦ કે જેનુ ક્ષેત્રફળ ૧૫૦.૦૧ ચો.મી. તથા રોડ રસ્તાનું ક્ષેત્રફળ ૩૮.૩૦ ચો.મી. તથા સી.ઓ.પી.નું ક્ષેત્રફળ ૧૩.૨૮ તથા લાગુ પાર્કિંગનું ક્ષેત્રફળ ૮.૬૩ ચો.મી.મળી કુલ ક્ષેત્રફળ ૨૧૦.૨૨ ચો.મી.થાય છે.તે મિલકતના હાલના માલિક, કબજેદાર શ્રી અશોકભાઈ રતીભાઈ પાઘડાળ કનેથી અમોના અસીલશ્રી બળ્યા જીવાભાઈ ભૂરાભાઈ એ ખરીદ કરેલ છે. તથા પ્લોટ નં.૭૧ કે જેનુ ક્ષેત્રફળ ૧૫૦.૦૧ ચો.મી. તથા રોડ રસ્તાનું ક્ષેત્રફળ ૩૮.૩૦ ચો.મી. તથા સી.ઓ.પી.નું ક્ષેત્રફળ ૧૩.૨૮ તથા લાગુ પાર્કિંગનું ક્ષેત્રફળ ૮.૬૩ ચો.મી.મળી કુલ ક્ષેત્રફળ ૨૧૦.૨૨ ચો.મી.થાય છે.તે મિલકતના હાલના માલિક, કબજેદાર શ્રી અશોકભાઈ રતીભાઈ પાઘડાળ કનેથી અમોના અસીલશ્રી કળોતરા ગેલાભાઈ રાવાભાઈ એ ખરીદ કરેલ છે. જેથી સદરહું બન્ને પ્લોટમાં કોઈપણ વ્યક્તિ કે ઈસમ કે સંસ્થાનો ઉપરોકત વર્ણવેલ પ્લોટ/મિલકત બાબતે કોઈપણ પ્રકારનો વાંધો, હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંકનું લેણું હોય અથવા તો પ્લોટ તબદીલી અંગેનના કોઈપણ લખાણો હોય તો તેઓએ આ નોટિસની પ્રસિધ્ધિથી દિન-૭ માં અમોને લેખિત પુરાવા સહિત અમારા નીચેના સરનામે જાણ કરવી, અન્યથા મુદત વિત્યે કોઈના કોઈપણ પ્રકારના હક્કો રહેશે નહી અને જો હોય તો તેવા હક્કો છોડી દીધા છે તેમ ગણી મારા અસીલ વેચાણનો વ્યવહાર પુરો કરી સદરહું ખુલ્લા પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બાદ કોઈપણ પ્રકારના વાંધા કે કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં અને તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.
અસીલની સુચનાથી...,
તારીખ : ૦૩/૧૦/૨૦૨૫

મારી મારફત - શશિન એન.ચાવડા એડવોકેટ એન્ડ નોટરી
ઠે.:કામરેજ મામલતદાર કચેરીની પાસે,નવાગામ,તા.કામરેજ,જિ.સુરત, મો.૯૮૭૯૨૭૬૩૯૬

જાહેર હરાજી

આથી જાહેરાત આપવામાં આવે છે કે ભાદોલ પ્રાથમિક શાળા, તા. ઓલપાડ, જિ.સુરતનાં જર્જરિત ચાર ઓરડાને તોડી કાટમાળ લઈ જવાની જાહેર હરાજીની પ્રક્રિયા તા.૦૮/૧૦/૨૦૨૫ ને બુધવારનાં રોજ સવારે ૧૧:૦૦ કલાકથી શાળા કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલ છે. ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ અનામત પેટે રૂપિયા ૧૦,૦૦૦ (દસ હજાર) તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે સમય મર્યાદામાં હાજર રહેવું. હરાજીને અંતે કાટમાળ રાખનાર ઈસમે બોલીનાં ૫૦ (પચાસ) ટકા રકમ સ્થળ પર જ ભરવાની રહેશે. હરાજીની શરતો વિગતવાર હરાજી સ્થળ પર જાહેર કરવામાં આવશે. હરાજીની શરતો તથા હરાજી પ્રક્રિયા અને સમય મર્યાદા અંગેની તમામ સત્તા ગ્રામ પંચાયત ભાદોલ તથા એસ.એમ.સી. ભાદોલ પ્રાથમિક શાળાને આધિન રહેશે જેની નોંધ લેવી.

લિ. ગ્રામ પંચાયત, ભાદોલ તથા એસ.એમ.સી. ભાદોલ પ્રાથમિક શાળા

અકસ્માત કેસમાં બસ ચાલકને સજા

ભરૂચ: 5 વર્ષ પૂર્વે સાપુતારા પ્રવાસે લઈ જનાર ક્રિષ્ણા ટ્રાવેલ્સની બસ પલટી જતાં 67 મુસાફરના જીવ જોખમમાં નાંખવા, 18ને ઘાયલ કરનારા અંકલેશ્વરના ચાલકને નવસારી કોર્ટે બે માસની કેદ, 1000 રૂ.નો દંડ ફટકાર્યો છે.

અંકલેશ્વરની અમૃતપુરા પ્રાથમિક શાળાના બાળકો ફેબ્રુઆરી-2020માં સાપુતારાના પ્રવાસે નીકળ્યા હતા. તેમણે રાધેક્રિષ્ણા ટ્રાવેલ્સની બસ બૂક કરાવી હતી. જેનો ડ્રાઈવર મૂળ મેનપુરી-યુપીના નાગલાતોર ગામનો તથા જે-તે સમયે અંકલેશ્વરના સુરતી ભાગોળ ખાતે રહેતો અવનીશકુમાર સુશીલકુમાર કટારીયા ફરજ પર હતો. બસ નં. GJ-01-BV-9593માં સ્કૂલના બાળકો તથા શિક્ષકો સાપુતારાના પ્રવાસે ઉપડ્યા હતા. દરમિયાન 10મી ફેબ્રુઆરીના રોજ ચીખલી-વાંસદા રોડ પર કુકેરી ગામ નજીક અવનીશકુમાર સુશીલકુમાર કટારીયાએ બસને ગફલતભરી રીતે સ્પીડમાં હંકારી, બસને પલટી મરાવી હતી. અકસ્માતમાં બસના 18 મુસાફરને ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડી હતી. આ અંગે ચીખલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા સદર કેસ ચીખલીના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ વિજયકુમાર ચૌહાણ સાહેબની કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં જજ સાહેબે રાધે ક્રિષ્ણા ટ્રાવેલ્સના ડ્રાઈવર અવનીશ કટારીયાને તકસીરવાર ઠેરવી વધુમાં વધુ એક વર્ષની કેદ તથા એક હજાર રૂપિયાનો દંડ ભરવાનો હુકમ કર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ સાત દિવસની કેદની સજા ફરમાવી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Kantara:
A Legend Chapter 1
08:45am, 10:30am, 12:00pm, 02:00pm, 03:30pm, 05:30pm, 06:45am, 09:00pm, 10:10pm
Sunny Sanskari Ki Tulsi kumari
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333